

# મધરાતે બોલે મચ્છરિયું!

નબોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

મચ્છરોને ભલે આપણે મગતરા કહેતા હોઈએ પણ સિંહનો શિકાર કરવા કરતાં મચ્છરોનો શિકાર કરવો બહુ મુશ્કેલ છે. વાત માનવામાં ન આવતી હોય તો અખતરો કરી જોજો! જો સિંહનો શિકાર કરવાનો હેરતભર્યો પ્રયોગ કરવો હોય તો પણ શરૂઆત મચ્છરથી જ કરજો. આમ કરવાથી સિંહનો શિકાર કરવાની પણ તક રહે છે. બાકી જો સિંહથી જ શરૂઆત કરશો તો પછી મચ્છરો સાથે માથાકૂટ કરવાનો વારો જ નહિ આવે. આમ મચ્છરોનો શિકાર કરવા સામી છાતી નીકળી પડાય પણ સિંહનો શિકાર કરવા માટે તો ઘેર બેઠા જ PPT બનાવાય. મચ્છરોનો શિકાર કરવા માટે ઝાડ પર ચડવું પડતું નથી પણ જો સિંહનો શિકાર કરવો હોય તો ખૂબ જ ઝડપથી ગમે તેવા ઝાડ પર ચડતા આવડવું જ જોઈએ. એટલે એવું ન માની લેતા કે ઝાડ પર બેઠેલા સિંહનો શિકાર કરવાનો છે પણ ધારો કે આપણે સિંહનો શિકાર કરવા નીકળીએ અને સામે સિંહ સામે આવી જાય અને સિંહ નક્કર નિર્ણય લે તે સાથે જ આપણા નિર્ણયો બદલાઈ જાય અને આપણે તાત્કાલીક વૃક્ષારોહણ નો નિર્ણય લઈએ. આમ અહીં બાળપણમાં ઝાડ પર ચડવાની લીધેલી બુનિયાદી તાલીમ કામ લાગે. સારું છે કે સિંહોએ આવી તાલીમ લીધી હોતી નથી અને તેઓ દીપડાને આસીસ્ટન્ટ તરીકે રાખતા નથી. આ તો એટલા માટે લખ્યું કે તમને ક્યારેક મચ્છરોનો શિકાર કરવાનું ચાનક ચડે તો આ માર્ગદર્શિકા જરા કામ લાગે. મચ્છર આમ તો બહુ નાનકડું જંતુ છે. પણ તે ઉપદ્રવ બહુ મોટો મચાવે છે. એટલે મચ્છરને સાવ નાનું ન સમજવું (-અને બહુ મોટું ય ન સમજવું!)

મચ્છરો જ્યારે જ્યારે આપણા કાનમાં કવિતા,ગઝલ કે મરશિયા સંભળાવે છે ત્યારે તે પણ એક નાનકડા પુરસ્કારની અપેક્ષા રાખે છે. એટલે મચ્છરો પણ કહે છે કે 'દો બુંદ જિંદગી કે'આપણે મનુષ્યો ત્રણસો ત્રણસો સીસી રક્તદાન કરીએ છીએ. તો મચ્છરો કહે કે બે ટીપા જેટલું રક્તદાન અમનેય કરો ને. તમારા રક્તથી અમને નવું જીવન મળે પછી ભલે તમારું પૂરું થઈ જાય. 'હરી ઈચ્છા બળવાન'બીજું શું! વળી મચ્છરો બે બુંદ બ્લડની અપેક્ષા રાખે એમાં ખોટું ય શું છે!? જ્યાં રુધિરની નદીઓઓ બે કાંઠે વહેતી હોય તેમાંથી મચ્છર કદાચ બેચાર બુંદનું આચમન કરે તો શું લૂંટાઈ જવાનું છે. ભક્ત કવિ તુલસીદાસજીએ એટલે તો કહ્યું છે કે

પંછી પાની પીને સે, ઘટે ને સરિતા નીર;
ધરમ કિયે કે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.

એ જ રીતે કહી શકાય કે

'મચ્છર જનખૂન પીને સે, ઘટે ન દેહ રુધિર'કારણકે ઘણા મનુષ્યના શરીર તો રક્તથી એવા ફાટફાટ થતા હોય છે કે વળ દઈને ચીંટીયો ભરો તો લોહી નીકળે. આવી મહાનદીઓમાંથી મચ્છરને કદાચ બે ચાર ટીપાનું પાન કરે તો શું ફરક પડે. મચ્છરની જેમ માંકડ પણ મનુષ્યનું રક્ત પીવે છે.પણ રક્તપાન કર્યાના બદલામાં તેઓ કોઈ બદલો ચૂકવતા નથી. 'જે રીતે આપણા નેતાઓ ચૂંટાયા પછી જનતાને બદલો ચૂકવે છે!'એ જ રીતે મચ્છરો મનુષ્યને બદલો ચૂકવે છે. આમ છતાં પણ મચ્છરો ક્યારેય બદલો ચૂકવવ્યાનો દાવો કરતા નથી.

પરપ્રાંતીઓ રોજીરોટી માટે ગુજરાતમાં આવે છે અને મોટા મોટા શહેરોમાં વસી જાય છે. સુરતમાં તો ઢગલાબંધ છે. એ જ રીતે લાગે છે કે પરપ્રાંતી મચ્છરો પણ આપણા મોટા શહેરોમાં આવીને મોટી સંખ્યામાં વસી ગયા છે. ગુજરાતીઓ ખાધે 'પીધે'સુખી અને એમાંય સુરતીઓતો નંબર વન. એટલે મચ્છરોને કદાચ ગુજરાતી થાળી ખૂબ ટેસ્ટી લાગતી હશે. એટલે આપણે ત્યાં મચ્છરો વધતા જાય છે. કોઈપણ શહેરમાં આપણને કંઈક ને કંઈક ખૂટતું લાગે પણ દરેક શહેરમાં નેતાઓના હોર્ડિંગ્સ અને મચ્છરો આ બે તો હોય જ. આ બંનેનું કામ પણ લગભગ સરખું જ છે. મચ્છરો આપણું લોહી ન પીવે તે માટે આપણે મચ્છરદાનીમાં ઘૂસી જઈએ છીએ પણ! ખેર અત્રે કરવા જેવી વાત તો મચ્છરોની જ છે. સુરત જેવા નગરમાં સાંજ પડે ને મચ્છરોનો મુશાયરો શરૂ થાય છે. જેવા આપણે પથારીમાં પડીએ કે આપણા ઉપર મચ્છરોની હવાઈ મહેફિલ જામે. પછી આપણને લાંબા સમય સુધી પથારીમાં પડવાનો લાભ મળે. મુશાયરાઓમાં શાયરો જે રીતે ગઝલ અને શેર-ઓ-શાયરીની ધારદાર રજૂઆત કરે છે એ જ રીતે મચ્છરો પણ આપણા શરીર પર ધારદાર રજૂઆત કરે છે. મચ્છરો પણ સૌ પ્રથમ આપણા કાન પાસે કોમળ રજૂઆત કરે છે. એ રીતે આપણા જેવાઓને કહે છે કે બા મુલાહીજા, બા અદબ, હોશિયાર મચ્છરોની મહેફીલ આવી રહી છે. મચ્છરોની રજૂઆતમાં પણ લાઘવ અને ચોટ હોય છે તેઓ આપણા શરીરના વિવિધ ભાગો પર એવી ચોટદાર રજૂઆત કરે છે કે તેમની રજૂઆત આપણને ફક્ત વિચારતા જ નહીં, ખંજવાળતા પણ કરી દે છે અને ખંજવાળતા થઈ જઈએ એટલે વિચારોનું ઝરણું આપોઆપ સુકાઈ જાય છે. કેટલીકવાર તો મચ્છરો એવી જગ્યાએ કરડે છે કે મનુષ્યના હાથ ભલે દિલ્હી સુધી લાંબા હોય પણ ત્યાં ખંજવાળવા માટે હાથ ટૂંકા પડે છે.

મચ્છરોનો શિકાર કરવા માટે ખાસ કોઈ તાલીમ લેવાની જરૂર પડતી નથી. એ તો લોક પરંપરા છે. એટલે ઉત્સાહીજનો જોઈ જોઈને શીખી જાય. આ રીતે જ્યારે આપણે મચ્છરોના ઝુંડને જોતા જ ઉશ્કેરાઈ જઈએ અને સટ્ટાક કરતો હાથનો તાબોટો પાડીએ. તો એકાદ મચ્છર તો આવી જ જાય. જેથી આપણે પત્ની અને સંતાનોને ગૌરવ સાથે કહેવા લાગીએ કે 'પતાવ્યું પતાવ્યું એક જ ઘા માં પતાવ્યું!'આ રીતે મચ્છરો મારવાનો આપણો ઉત્સાહ બેવડાવાને બદલે સીધો જ ચોવડાય છે. ફરીથી મચ્છર જેવું કંઈક દેખાય ને આપણે બે હાથનો તાબોટો પાડીએ પછી આખા ગામમાં ઉત્સાહથી એવા નારા લગાવીએ કે 'એક ઘા માં બે ને પતાવ્યા,બે ને પતાવ્યા'પછી ઊંચે જોઈએ તો મચ્છર આપણાથી દશ ફૂટ દૂર ઊડતું હોય. આવી ઘોર નિષ્ફળ છતાં વીરત્વસભર ઘટના વખતે આપણે એકલા જ હોઈએ તો વાંધો નહીં. પણ આવી સરેઆમ નિષ્ફળતાને બીજું કોઈ જોઈ જાય તો જીવતર ધૂળધાણી થઈ ગયા જેવું લાગે. આપણે ઝંખવાણા પડી જઈએ. લોહી પીનારા મચ્છરને મારવાના પ્રયાસમાં નિષ્ફળ જવાથી આપણે 'કાપો તો લોહી ન નીકળે'એવા થઈ જઈએ.



**મચ્છરોની રજૂઆતમાં પણ લાઘવ અને ચોટ હોય છે તેઓ આપણા શરીરના વિવિધ ભાગો પર એવી ચોટદાર રજૂઆત કરે છે કે તેમની રજૂઆત આપણને ફક્ત વિચારતા જ નહીં, ખંજવાળતા પણ કરી દે છે અને ખંજવાળતા થઈ જઈએ એટલે વિચારોનું ઝરણું આપોઆપ સુકાઈ જાય છે**

છેવટે જાહેર જનતા જોગ એવું નિવેદન બહાર પાડીએ કે 'નિષ્ફળતા માટે હું નહીં પણ મચ્છર જવાબદાર છે.'બીજીવાર મચ્છર મારવાના મર્દાનગીભર્યા કાર્યોને પાર પાડવા માટે આપણે બમણા ઝનૂનથી તૈયાર થઈ જઈએ છીએ. ફરી પાછું મન પથ્થર જેવું મક્કમ બનાવી, શરીરને કડક બનાવી, પથારીમાં બેઠા હોઈએ ત્યાં દૂર દૂર ક્ષિતિજે છે ધીમો ગણગણાટ સંભળાય. તે સાથે જ આપણે કરેંગે યા મરેંગે ના મૂડમાં ખૂંખાર થઈ જઈએ અને મનોમન બોલી ઊઠીએ કે આ પૃથ્વી પરના તમામ મચ્છરોનું હવે આવી બન્યું છે. આવું ઝનૂન આપણા તનણબદનમાં ઉભરાતું હોય અને સામે જોઈએ તો એકલું, નિઃસહાય મચ્છર શાંતિથી, બિન્દાસ ઊડતું ઊડતું ચૂંટણી સમયે આવતા નેતાઓની જેમ ધીમી છતાં મક્કમ ગતિએ આપણા તરફ આગળ વધે.આપણને થાય કે બસ આપણે ધારી હતી તેવી જ તક, તેવો જ મોકો. જે મોકો જોઈને ધોકો મારે તે જ વીર કહેવાય. બસ,આ વખતે ખેલ ખતમ! એવા નિર્ધાર સાથે તાબોટો પાડીએ.હાથ સમસમી જાય અને આપણે બોલી ઊઠીએ, "ખલ્લાસ પતી ગયું."

આ રીતે મચ્છર વિનાશનો કાર્યક્રમ અત્યંત પરાક્રમપૂર્વક પૂર્ણ કર્યા પછી આપણા યેજ્ઞિક કાર્યની સાબિતી માટે મચ્છરના મૃતદેહની શોધ આદરીએ છીએ. સૌપ્રથમ તો આપણા હાથ જોઈએ, પછી ઊભા થઈને લેંઘો ઝભ્ભો ખંખેરીએ પણ માધવ ક્યાંય નથી મધુવનમાં.એમ 'મચ્છર ક્યાંય નથી પલંગમાં'આમ ઘણી મથામણના અંતે પણ આપણને પલંગ પથારીમાંથી મચ્છરના મૃતદેહનો એક પણ અવશેષ હાથ લાગતો નથી. છતાં આપણે જાહેર નિવેદન કરીએ કે મરી ગયું એ પાકું જ છે, ભલે મૃતદેહ ન મળે. પણ બચ્યું તો નથી જ! એમ તો પ્લેનના બ્લેકબોક્સ પણ ક્યાં મળે છે. તો પછી મચ્છરના તો ક્યાંથી મળે! વળી આ વખતનો પ્રહાર જ એવો જીવલેણ હતો કે મચ્છર તો શું મગર પણ ન બચી શકે. ત્યાં તો 'મારનાર કરતાં જીવાડનાર મોટો છે.'એવું આપણા કાનમાં કહીને મસ્તીભર્યો ગણગણાટ કરતું, આપણી હાંસી ઉડાવતું એક મચ્છર આપણા કાન પાસેથી પસાર થાય છે અને આપણા ફરતે વિજયનું એક ચક્કર મારી છપ્પનની છાતી સાથે નિષ્ફિર થઈને આપણી સામે ઉડવા લાગે છે. મચ્છરની આવી હરકતો જોઈને આપણે ધૂઆંપૂઆં થઈ જઈએ છીએ. વધુ એકવાર હૃદયમાં પુણે ખાચરે પડેલા ઉત્સાહને વાળીચોળીને એકઠો કર્યા પછી કચકચાવીને એક પ્રહાર કરવા માટે ફરીથી સજ્જ થઈ જઈએ છીએ. આ રીતે ઉત્સાહપૂર્વક આગળ વધી મચ્છરનાશના પ્રહાર તરીકે એક ભયંકર તાબોટો પાડીએ. એટલામાં જ પત્ની ચીડાઈને બોલે, "હવે તો સૂઓ, શું 'પેલા લોકો'ની જેમ તાબોટા પાડો છો! મધરાતે એક બાજુ મચ્છર અને બીજી બાજુ તમે, નિરાંતે ઊંઘવા દેતા નથી. ઘડીક તો જપો!'આ રીતે આપણી મચ્છર વિનાશની શૌર્ય કથા ભાગ-૨ નો કરુણ અંત આવે છે અને મચ્છરો વધુ નિર્ભય બને છે.

આમાં પ્રથમ (બીજી ત્રીજી ચોથી)નજરે આપણને મચ્છરો દોષિત દેખાય છે. પણ હકીકતમાં તો મચ્છરો લોકોની તંદુરસ્તી બગાડીને ડોક્ટરોની તંદુરસ્તી સુધારે છે. ડોક્ટરો માટે મચ્છરો 'સીઝન'લઈને આવે છે. મચ્છરોના આશીર્વાદથી થતા મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા આદિ વિષમજવરને કારણે ડોક્ટરોના નસીબમાં ધનયોગ સર્જાય છે. અને તે કમાણીમાંથી પોતાના તેજસ્વી(!!) સંતાનો માટે ઊંચી ફી ચૂકવીને તેમને રશિયા, ઓસ્ટ્રેલિયા કે ફિલિપાઈન્સમાં મેડિકલનું ભણવા મોકલી શકે છે. આ રીતે આપણા દેશી દર્દો માટે આપણને વિદેશમાં ભણેલા ડોક્ટરો મળે છે. જેનાથી દેશના લોકોનું આરોગ્ય મજબૂત(!) બને છે. આમ મચ્છરના ગુણ ગાઈએ એટલા ઓછા પણ કોઈ સાંભળવા તૈયાર નથી, ખુદ મચ્છરે ય નહીં.

## ગરમાગરમ:-

પેલો મટકા કિંગ કહેવાતો શખ્સ વર્ષોથી વરલી મટકાના આંકડા બહાર પાડે છે. પણ આજ સુધીમાં તેનો આંકડો ક્યારેય લીક થયાનું સાંભળ્યું નથી. તો પછી આ NEET ને બધી જાહેર પરીક્ષાઓનું કામકાજ તેને જ સોંપી દેવું જોઈએ ને!શુ કહો છો?!